**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**
✆ : 2227141 to 2227146 ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 **ફેકસ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** | **સિન્ડિકેટની ખાસ સભા**
**ફકત સભ્યોની જાણ માટે** | **તા. ૨૮ – ૧૦ – ૨૦૦૯**

સિન્ડિકેટની ખાસ સભા બુધવાર, તા. ૨૮ – ૧૦ – ૨૦૦૯ ના રોજ બપોરે ૧ : ૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા. ૨૮ – ૧૦ – ૨૦૦૯ |
|---|---|---|
| ૧. | ડૉ. બી. એ. પ્રજાપતિ (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | --- | -- |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૭. | આ. ડૉ. કિશોરકુમાર નટવરસિંહ ચાવડા | હાજર |
| ૮. | શ્રી વાસદિયા કિરિટસિંહ જશવંતસિંહ | હાજર |
| ૯. | ડૉ. સગુણા પાથી | ગેરહાજર |
| ૧૦. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | ગેરહાજર |
| ૧૨. | શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલા | હાજર |
| ૧૩. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૪. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫. | ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૬. | આ. ડૉ. વિપીનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૧૭. | શ્રી દિનેશભાઈ દેવશીભાઈ દાસા | ગેરહાજર |
| ૧૮. | ડૉ. ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |
| ૧૯. | ડૉ. વિક્રમભાઈ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૨૦. | ડૉ. મોહિનીબેન ગઢિયા | હાજર |

૧. યુનિવર્સિટી કેમ્પસ ખાતે પ્રાર્થના ખંડના બાંધકામ તથા અન્ય જરૂરી સુવિધા માટે શ્રીમદ્ રાજચંદ્ર વિચાર – પ્રસાર ટ્રસ્ટ, મુ. પો. આસ્તા, તા. : કામરેજ, જી. : સુરતના શ્રી ભુલાભાઈ વનમાળીભાઈ પટેલ તરફથી મળેલ પત્ર અને પત્રની વિગતો અનુસાર પ્રાર્થના ખંડના બાંધકામ માટે રૂા. ૫૧,૦૦,૦૦૦/– સુધીનું દાન આપવાની તૈયારી દર્શાવી છે. તો તેમના તા.: ૦૯ – ૧૦ – ૨૦૦૯ના મળેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે પ્રાર્થના ખંડના બાંધકામ તથા અન્ય જરૂરી સુવિધા માટે શ્રીમદ્ રાજચંદ્ર વિચાર – પ્રસાર ટ્રસ્ટ, મુ. પો. આસ્તા, તા. : કામરેજ, જી. : સુરતના શ્રી ભુલાભાઈ વનમાળીભાઈ પટેલ તરફથી મળેલ પત્ર અનુસાર પ્રાર્થના ખંડના બાંધકામ માટે રૂા. ૫૧,૦૦,૦૦૦/– સુધીનું દાન આપવાની દરખાસ્તનો સહર્ષ સ્વીકાર કરવો અને દાતાશ્રીનો આભાર માનતો પત્ર મોકલવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ બંધાનાર પ્રાર્થનાખંડનો પ્રાર્થના ઉપરાંત બહુહેતુક ઉપયોગ યુનિવર્સિટી કરી શકશે અને દાતાની શરત મુજબ શૈક્ષણિક સત્ર દરમ્યાન એમ. એડ્.નાં શૈક્ષણિક કાર્યની શરૂઆતમાં વારાફરતી પાંચે પ્રાર્થનાઓ પૈકી કોઈ પણ એક પ્રાર્થના કરવામાં આવશે.

**(પરિશિષ્ટ : " ક " )**

૨. યુનિવર્સિટી કેમ્પસ ખાતે ફેકલ્ટી ઓફ આર્કિટેકચર તથા ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ એન્ડ ઈન્ટીરીયર ડિઝાઈનના વિવિધ અભ્યાસક્રમ માટે " કાંઠા વિભાગ નવ નિર્માણ મંડળ સી. બી. પટેલ સ્પોર્ટસ કેમ્પસ (ડી. સી. પટેલ નવનિર્માણ એજયુકેશન કેમ્પસ) ન્યુ સીટીલાઈટ રોડ, ભરથાણાના ચેરમેન શ્રીમાન, રાજુભાઈ જી. પટેલ દ્વારા મળેલ પત્ર દ્વારા ઉપરોકત અભ્યાસક્રમ માટે " ગીજુભાઈ છગનભાઈ પટેલ "ના નામે યુનિવર્સિટીની જરૂરીયાત મુજબ ભવન તૈયાર કરી આપવાની દરખાસ્ત ઉપર તૈયાર કરવામાં આવેલ MOU પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે ફેકલ્ટી ઓફ આર્કિટેકચર તથા ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ એન્ડ ઈન્ટીરીયર ડિઝાઈનના વિવિધ અભ્યાસક્રમ માટે " કાંઠા વિભાગ નવ નિર્માણ મંડળ સી. બી. પટેલ સ્પોર્ટસ કેમ્પસ (ડી. સી. પટેલ નવનિર્માણ એજયુકેશન કેમ્પસ) ન્યુ સીટીલાઈટ રોડ, ભરથાણાના ચેરમેન શ્રીમાન રાજુભાઈ જી. પટેલ દ્વારા મળેલ પત્ર દ્વારા ઉપરોકત અભ્યાસક્રમ માટે " ગીજુભાઈ છગનભાઈ પટેલ "ના નામે યુનિવર્સિટીની જરૂરીયાત મુજબ ભવન તૈયાર કરી આપવાની દરખાસ્ત અન્વયે સુધારેલ **પરિશિષ્ટ : " ખ "** મુજબ MOU કરવાની સત્તા યુનિવર્સિટી વતી કુલસચિવને આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જૂન – ૨૦૧૦થી બી. આર્કીટેકચર (Architecture) નો પાંચ વર્ષનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.

**(પરિશિષ્ટ : " ખ ")**

**3.** યુનિવર્સિટી કેમ્પસ ખાતે  આઉટડોર સ્પોર્ટસ માટે અદ્યતન તમામ સુવિધાઓ સાથે મેદાન તૈયાર કરવા માટે કાંઠા વિભાગ નવ નિર્માણ મંડળ સી. બી. પટેલ સ્પોર્ટસ કેમ્પસ (ડી. સી. પટેલ નવનિર્માણ એજ્યુકેશન કેમ્પસ) ન્યુ સીટીલાઈટ રોડ, ભરથાણાના ચેરમેન શ્રીમાન, કમલેશ ડી. પટેલ તરફથી મળેલ પત્ર દ્વારા " છગનભાઈ બાલાભાઈ પટેલ "ના નામે મેદાન તથા સ્પોર્ટસ એકેડમી તૈયાર કરી આપવાની દરખાસ્ત ઉપર તૈયાર કરવામાં આવેલ MOU પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે  આઉટડોર સ્પોર્ટસ માટે અદ્યતન તમામ સુવિધાઓ સાથે મેદાન તૈયાર કરવા માટે  કાંઠા વિભાગ નવ નિર્માણ મંડળ સી. બી. પટેલ સ્પોર્ટસ કેમ્પસ (ડી. સી. પટેલ નવનિર્માણ એજ્યુકેશન કેમ્પસ) ન્યુ સીટીલાઈટ રોડ, ભરથાણાના ચેરમેન શ્રીમાન કમલેશ ડી. પટેલ તરફથી મળેલ પત્ર દ્વારા " છગનભાઈ બાલાભાઈ પટેલ " ના નામે મેદાન, સ્ટેડીયમ તથા સ્પોર્ટસ એકેડમી તૈયાર કરી આપવાની દરખાસ્ત સુધારેલ **પરિશિષ્ટ : " ગ "** મુજબ MOU કરવાની સત્તા યુનિવર્સિટી વતી કુલસચિવને આપવી.

**(પરિશિષ્ટ : " ગ ")**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.

ક્રમાંકઃ એસ –૧ (૧)/ ૧૧૪૩૭ /૨૦૦૯. **કુલસચિવ**

તા. ૩૦ – ૧૦ – ૨૦૦૯.

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......